
**કેટલીક વાર વીમા કંપનીઓ મેડિકલેમના કિસ્સામાં વીમેદારને અગાઉથી જ તમાકુ, આલ્કોહોલનું વ્યસન હતું અને તેને કારણે જ વીમેદારને ગંભીર બીમારી થઇ હોવાના ખોટા તારણ પર આવી સાચો ક્લેમ પણ ખોટી રીતે નામંજૂર કરી દેતી હોય છે**

# મોઢાના કેન્સરની સારવારનો ઇન્શ્યોરન્સ ક્લેમ નવસારીની ગ્રાહક અદાલતે અપાવ્યો

ગ્રાહક મંચ ★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)



તમાકુ અથવા આલ્કોહોલના સેવનની આદત માનવીને ગંભીર બીમારીનો ભોગ બનાવે છે. જેથી તમાકુ, આલ્કોહોલ કે કોઇ પણ પ્રકારના નશાથી દૂર રહેવુ જ સારું પરંતુ કેટલીક વાર કેટલીક નબળી પળોમાં માનવીને તમાકુ યા આલ્કોહોલની લત લાગી જાય છે અને તેને કારણે તે ગંભીર બીમારીને ભોગ બને છે અને ત્યારે જ જીવ ગુમાવવાની નોબત પણ આવે છે.

પરંતુ કેટલીક વાર વીમા કંપનીઓ મેડિકલેમના કિસ્સામાં વીમેદારને અગાઉથી જ તમાકુ, આલ્કોહોલનું વ્યસન હતું અને તેને કારણે જ વીમેદારને ગંભીર બીમારી થઈ હોવાના ખોટા તારણ પર આવી સાચો ક્લેમ પણ ખોટી રીતે નામંજૂર કરી દેતી હોય છે. આવો જ કિસ્સો સુરતમાં મંગળદાસ પટેલ સાથે બન્યો હતો અને મંગળદાસે મામલો ગ્રાહક અદાલત સમક્ષ લઇ જવો પડયો હતો.

સુરતના મંગળદાસ પટેલે નવસારી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ મારફત યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિ. (સામાવાળા) વિરૂધ્ધ દાખલ કરેલ ફરિયાદની વિગત એવી હતી કે ફરિયાદી સામાવાળા વીમા કંપનીનો રૂ. 2 લાખનો મેડીક્લેમ તરીકે ઓળખાતો વીમો ધરાવતા હતા.


મજકૂર વીમો અમલમાં હતો તે દરમિયાન એપ્રિલ-૨૦૧૮ના અરસામાં ફરિયાદીને મોઢાના ભાગમાં ચાંદી જેવું લાગતા અને દુખાવો થતો હોવાથી શહેર: નવસારી મુકામે આવેલ Yesha Super Speciality Hospitalના ડૉ. પરિમલ લાડને કન્સલ્ટ કરેલ. મજકૂર ડૉ. પરિમલ લાડની સલાહ અનુસાર ફરિયાદીના જુદા જુદા ટેસ્ટ તથા બાયોપ્સી કરાવવામાં આવેલા. જેના રીપોર્ટમાં ફરિયાદીને મોઢાનું કેન્સર હોવાનું નિદાન થયેલ. આથી ડૉક્ટરે તા. ૨૦/૦૪/૨૦૧૮ ના રોજ ફરિયાદીને ઇન્ડોર પેશન્ટ તરીકે એડમિટ કરેલા. ડૉક્ટરે ફરિયાદીને સર્જરી કરવાની સલાહ આપેલી અને એ જ દિવસે ફરિયાદીની સર્જરી કરવામાં આવેલ અને જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવેલ. ત્યાર બાદ તા. ૨૩/૦૪/૨૦૧૮ ના રોજ ફરિયાદીને મજકૂર હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ.

ઉપરોક્ત હોસ્પિટલાઈઝેશન, સર્જરી, મેડિકલ ટ્રીટમેન્ટ, જુદાં-જુદાં ટેસ્ટસ, દવાઓ, ઈન્જેક્શનો વગેરે માટે થઈને ફરિયાદીને કુલ ખર્ચ રૂ. ૮૦,૦૦૦/- થયેલો. જેથી તે અંગે ફરિયાદીએ સામાવાળા વીમાકંપનીનું નિયત ક્લેમ ફોર્મ ભરીને સામાવાળા નં.(૧) વીમાકંપની સમક્ષ ક્લેમ કરેલો. સામાવાળા ફરિયાદીઓનો સાચો અને વાજબી ક્લેમ મંજૂર કરવા જવાબદાર અને બંધાયેલા હતા અને છે. આમ છતાં સામાવાળાઓએ તેમના તા.૧૬/૦૬/૨૦૧૮ના રોજના પત્ર દ્વારા ફરિયાદીનો ક્લેમ ફરિયાદીને તમાકુના સેવનનું વ્યસન હોવાનું અને તેને કારણે જ કેન્સર થયેલ હોવાનું જણાવી નામંજૂર કર્યો હતો.

સામાવાળાનો ઉપરોક્ત પત્ર મળતાં ફરિયાદીને અત્યંત આશ્ચર્ય અને આઘાત થયેલાં કારણ કે ફરિયાદી તમાકુના કે અન્ય કોઈ પ્રકારના સેવનની ટેવ ધરાવતા ન હતા અને નથી. ફરિયાદીની સારવાર સંબંધિત કોઇ પણ પેપર્સમાં સારવાર કરનાર ડૉક્ટરે ફરિયાદીને તમાકુના કે અન્ય કોઈ પ્રકારના સેવનની આદત હતી એવી કોઇ નોંધ કરેલ હોય તો પણ તે નોંધ ખોટી હતી. જેથી ફરિયાદીએ ગ્રાહક અદાલતનાં દ્વાર ખટખટાવેલાં.

જો કે ફરિયાદનો નિકાલ થાય તે પૂર્વે ફરિયાદી મંગળદાસ પટેલનું કેન્સરને કારણે અવસાન થતાં ફરિયાદમાં પક્ષકાર તરીકે તેના વારસો જોડાયા હતા.

ફરિયાદી તરફે એડવોકેટ પ્રાચી અર્પિત દેસાઈએ લેખિત દલીલો રજૂ કરી રજૂઆત કરી હતી કે, ડિસ્ચાર્જ કાર્ડ હોતાં ફરિયાદીને હાલની બીમારી કેન્સરના કારણે થયેલ હોય તેવી કોઇ નોંધ નથી તેમ જ ફરિયાદીને તમાકુ ખાવાની ટેવ હતી તેવી કોઈ નોંધ કરેલ નથી. માર્ક-૨૦/૯ યેશા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ટ્રીટમેન્ટ કાગળો જોતાં હેબિટ ટોબેકો લખેલ છે. પરંતુ તે કોના દ્વારા લખવામાં આવેલ છે, ક્યારે, કયા સંજોગોમાં લખેલ છે તે બતાવવા સામાવાળા દ્વારા ટ્રીટમેન્ટ આપનાર ડૉક્ટરને તપાસેલ નથી કે તેનું કોઈ એફિડેવિટ રજૂ કરેલ નથી કે તમાકુના સેવનના કારણે કેન્સર થયેલ છે તે પુરવાર કરવાની જવાબદારી સામાવાળાની થાય છે. જે સામાવાળા દ્વારા કોઇ પુરાવા રજૂ કરી પુરવાર કરેલ નથી.



નવસારી જિલ્લા કમિશનના પ્રમુખ ન્યાયાધીશ એમ. એચ. ચૌધરી અને સભ્યશ્રીઓ એ.એન.બારોટ અને વી.બી.વર્માએ કરેલ હુકમમાં ફરિયાદી ક્લેમની રકમ મેળવવા હકકદાર હતા છતાં સામાવાળા વીમા કંપનીએ ખોટી અને ગેરવ્યાજબી રીતે ક્લેમ ચૂકવવા ઇન્કાર કરેલ હોય, સામાવાળાની સેવામાં ખામી થઇ હોવાનું જણાવી ક્લેમની રકમ રૂ. ૮૦,૦૦૦/- ૭% ના વ્યાજ સાથે શારીરિક, માનસિક ત્રાસ તથા ખર્ચ માટે બીજા રૂ. ૩૦૦૦/- ચૂકવવાનો વીમા કંપનીને આદેશ આપતો હુકમ કર્યો છે.●

**: કેન્ડલ લાઈટ :**

**એટલે તો કાળ સમો છું અડીખમ આજે પણ,**
**બાજીઓ હારી હશે, હિંમત હજી હારી નથી.**
- શૂન્ય પાલનપુરી

# દુનિયાના કેટલાક ટોપ એક્સપ્રેસ-વે !



જર્મનીનો ઓટોબાન - જર્મનીનો પ્રખ્યાત ઓટોબાન તેની અનલિમિટેડ સ્પીડ માટે વિશ્વભરમાં જાણીતી છે. લગભગ 13000 કિલોમીટર લાંબા નેટવર્કમાંથી લગભગ 45 ટકા હિસ્સામાં કોઈ નિશ્ચિત સ્પીડ લિમિટ નથી. અહીં સલાહ આપવામાં આવે છે કે 130 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ રાખો, પણ ઘણા પ્રોફેશનલ ડ્રાઈવર્સ ટેસ્ટિંગ દરમિયાન 400 કિલોમીટર પ્રતિ કલાકથી પણ વધુ ઝડપે કાર ચલાવી ચૂક્યા છે. જોકે, ટ્રાફિક અને હવામાન ગમે ત્યારે બદલાઈ શકે છે, એટલે સંપૂર્ણ ધ્યાન રાખવું જરૂરી છે.

ફ્રાન્સનો A79 મોટરવે : ફ્રાન્સમાં સામાન્ય રીતે સ્પીડ લિમિટ 130 કિલોમીટર પ્રતિ કલાકની છે. પરંતુ ડ્રાઈવર હંમેશા 145 કિમી આસપાસની સ્પીડે કોઈ પણ સમસ્યા વગર ડ્રાઈવિંગ કરી લે છે. આ માર્ગ સુંદર પર્વતીય વિસ્તારથી ઘેરાયેલો છે.

અમેરિકાનો ટેક્સાસ સ્ટેટ હાઈવે 130 - યુએસએના ટેક્સાસમાં આવેલો આ હાઈવે દેશનો સૌથી ઝડપી હાઈવે માનવામાં આવે છે. અહીં 137 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ લિમિટ છે અને ખાસ કરીને હાઈ સ્પીડ માટે જ આ હાઈવે ડિઝાઈન કરવામાં આવ્યો છે. જેના લીધે ઓસ્ટિનથી સેગુઇન સુધીનું અંતર માત્ર 40 મિનિટમાં કાપી શકાય છે.

બલ્ગેરિયાના A1 અને A3 મોટરવે- 140 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ લિમિટ સાથે, આ હાઈવે પૂર્વી યુરોપમાં સૌથી સ્મૂથ માનવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ હાઈવે અપગ્રેડ થયા છે અને અહીં ટ્રાફિક પણ બહુ ઓછું જોવા મળે છે.

પોલેન્ડનો A2 મોટરવે- વોર્સા નજીક આવેલા આ હાઈવે પર 140 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ લિમિટ છે. રસ્તો સીધો અને ફ્લેટ હોવાથી કાર હાઈ સ્પીડ પર પણ સ્ટેબલ રહે છે. ઘણા ડ્રાઈવર્સ આ હાઈવેને યુરોપનો સૌથી ઓછો તણાવવાળો હાઈવે માને છે.ચેક રિપબ્લિકનો D3 મોટરવે - ચેક રિપબ્લિકે દુનિયાના સૌથી વધુ સ્પીડ લિમિટ ધરાવતા હાઈવેમાંથી એક બનાવે છે. આદર્શ હવામાનમાં અહીં 150 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડની મંજૂરી છે. અહીં સ્પીડ લિમિટ હવામાન અને ટ્રાફિક પ્રમાણે ઓટોમેટિક કંટ્રોલ સિસ્ટમથી બદલાય છે.

યુએઈના E11 અને E22 હાઈવે - અબુ ધાબી અને આસપાસના વિસ્તારોમાં સ્પીડનો અલગ જ અનુભવ મળે છે. આ હાઈવે પર 160 કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ સ્પીડની મંજૂરી છે. રણ વિસ્તારમાં બનેલા આ રસ્તા ખૂબ જ સ્મૂથ છે અને અહીં હાઈટેક કેમેરા સતત મોનિટરિંગ કરે છે.

આઈલ ઓફ મેનનો TT કોર્સ - યુનાઈટેડ કિંગડમના આઈલ ઓફ મેનમાં 60 કિલોમીટર લાંબો પબ્લિક રોડ સર્કિટ છે, જે મોટરસાયકલ રેસિંગ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

અહીં શહેરની બહાર કોઈ સ્પીડ લિમિટ નથી. કાર 200 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ ઝડપે દોડી શકે છે, પણ રસ્તો બહુ જ સાંકડો અને વળાંકવાળો છે. તેથી અહીં ડ્રાઈવિંગ માટે એક્સપર્ટ લેવલની જરૂર પડે છે.●